**ભારતીય રિઝર્વ બેંક**

**સંચાર વિભાગ,કેન્દ્રીય કાર્યાલય એસ બી એસ માર્ગ, મુંબઈ 400 001**

**તારીખ : ઓક્ટોબર 24, 2017**

**યશ બેંક લીમીટેડ ઉપર આર. બી. આઇ. દ્વારા લાદવામાં આવેલ નાણાકીય દંડ**

આર બી આઇ ના ઇન્કમ રેકોગ્નિશન એસેટ ક્લાસીફીકેશન (IRAC) ના ધોરણો ના બિન-પાલન માટે અને બેન્કના એ ટી એમ સંડોવતી માહિતી સુરક્ષા ઘટના ની માહિતી નો રિપોર્ટ મોડો મોકલવા બદલ તારીખ ઓક્ટોબર 23, 2017 ના રોજ ભારતીય રિઝર્વ બેંક દ્વારા યશ બેંક લીમીટેડ (ધી બેંક) ઉપર રૂપિયા 60 મિલિયન નો નાણાકીય દંડ લાદવામાં આવેલ છે. બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 46 (4)(i) સાથે વાંચન માં લેતાં કલમ 47A(1)(c) ની જોગવાઈ હેઠળ રિઝર્વ બેંક ને આપવામાં આવેલી સત્તા ના પાલન અંતર્ગત,આર બી આઇ દ્વારા બેન્ક ને ઇસ્યુ કરેલા કેટલાક નિર્દેશો ના બિન- પાલન ને ધ્યાન માં રાખીને આ દંડ લાદવામાં આવેલ છે.

આ કાર્યવાહી નિયમનો ના પાલન ની ખામી ને કારણે કરવામાં આવી છે અને તેનો ઉદ્દેશ બેન્કે તેના ગ્રાહકો સાથે કરેલા વ્યવહારો કે કરારો ની માન્યતા પર ભાર મૂકવાનો નથી.

**પૃષ્ઠભૂમિ**

બેન્કની નાણાકીય સ્થિતિ ના તારીખ માર્ચ 31,2016 ના વૈધાનિક નિરીક્ષણ માં બેન્ક ની નોન પર્ફોર્મિંગ એસેટ (NPA) ની આકારણી માં આર બી આઇ, દ્વારા ઇસ્યુ કરેલા નિર્દેશો નું ઉલ્લંઘન છતું થાય છે. બેન્કના એ ટી એમ સંડોવતી સાયબર સુરક્ષા ઘટના નો રિપોર્ટ પણ બેન્કે નિર્ધારિત સમયગાળા માં કરેલ નથી. નિરીક્ષણ રિપોર્ટ અને બીજા સંબંધિત દસ્તાવેજો ના આધારે બેન્કને આર બી આઇ, દ્વારા ઇસ્યુ કરેલા નિર્દેશો ના બિન-પાલન માટે દંડ કેમ ન કરવામાં આવે તે માટે તેને તારીખ જુલાઇ 06, 2017 અને ત્યારબાદ તારીખ ઓગસ્ટ 24, 2017 ની પૂરક કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે. બેન્ક ના જવાબ અને વ્યક્તિગત મૌખિક સુનાવણી અને મોકલેલ વધુ માહિતી અને દસ્તાવેજો ને ધ્યાનમાં લઈને આરબીઆઇ એવા નિષ્કર્ષ પર આવી છે કે આર બી આઇ, ના નિર્દેશો ના બિન-પાલન નો ઉપરોક્ત આરોપ પ્રમાણભૂત થયેલ છે અને તે નાણાકીય દંડ લાદવામાં નું સમર્થન કરે છે.

**જોસ જે કત્તુર**

**પ્રેસ જાહેરાત : 2017-2018/1116** **મુખ્ય મહા પ્રબન્ધક**